જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૦૪/૧૮

મણીનગર પોલીસ સ્ટેશનઃ-

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર ટુ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા શ્રી મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે" ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર ખાતે મિલકત સંબંધીના ગુના શોધી કાઢવા મળતી અવારનવાર સુચનાઓને આધારે આવા પ્રકાર નાં ગુન્હા શોધી પકડી પાડવા સારુ મણીનગર પોલીસ સ્ટેશન સિની.પોલીસ ઇંસ્પેક્ટર સુ.શ્રી એમ.બી ઝાલા સાહેબનાઓની દેખરેખ તેમજ માર્ગદર્શન તેમજ સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડ નાં સ્ટાફ નાં માણસો હે.કો. ઉત્તમભાઇ બચુભાઇ બ.ન.૩૬૦૯ તથા પો.કો પ્રવીણભાઇ ભાઇલાલભાઇ બ.ન.૪૭૮૩ તથા પો.કો.મોહસીનહુસેન મહેંદીહુસેન બ.ન.૯૯૩૨ તથા અ.લો.ર. દિવ્યરાજસિંહ ભરતસિંહ બ.ન.૫૪૩ તથા અ.લો.ર રવીભાઇ જગદીશભાઇ બ.ન-૪૦૪ તથા અ.લો.ર.જામાભાઇ માત્રાભાઇ બ.ન- ૧૩૦૬ તથાપો.કો.રણજીતસિંહ જીલુભા બં.નં.૮૭૪૪ તથા પરાક્રમ સિંહ મહાવીર સિંહ બંનં૧૩૫૯ તથા અસોક કુમાર પ્રેમજીભાઇ બંનં.૪૯૭૩તથા સંજય અશોકભાઇ બંનં.૧૨૮૨ તથા અ.લો.ર દશરથસિંહ કનકસિંહ બ.ન-૧૧૦૨ નાઓની જુદી-જુદી ટુકડીઓ બનાવી મણીનગર પો.સ્ટે. અમદાવાદ શહેર વિસ્તારમા મોબાઇલ સ્નેચિંગ તથા મિલકત સંબંધીના ગુના શોધી કાઢવા અંગે પેટ્રોલીંગ મા હતા દરમ્યાન તપાસ કરતા અ.લો.ર.જામાભાઇ માત્રાભાઇ બ.ન- ૧૩૦૬ તથા અ.લો.ર રવીભાઇ જગદીશભાઇ બ.ન-૪૦૪ નાઓની સયુંક્ત બાતમી હકિકત આપેલ કે બે ઇસમ મીરાં ચાર રસ્તા પાસે થઇ પસાર થવાના છે અને જેઓની પાસે ચોરી નાં મોબાઇલ ફોન છે. જે હકિકત આધારે વોચમાં રહી મળી આવતા નં.(૧) સોહેલ યુસુફખાન પઠાણ ઉ.વ.૧૯ રહે.વાધજીભાઇની ચાલી ઢોર બજાર પાવર હાઉસ સામે દાણીલીમડા (૨)ફેજ મહંમદ શેર મહંમદ મેવ ઉ.વ.૨૦ રહે. ચેપી રોગ હોસ્પિટલની આગળ પાવરહાઉસની સામે દાણીલીમડા નાઓને પકડી તેઓને યુક્તિ-પ્રયુક્તિ થી પૂછપરછ કરતા તેઓની પાસેથી મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નંબર ૧૩૨/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ ના કામે ચોરાયેલ મોબાઇલ ફોન સાથે મળી આવેલ જે મણીનગર પો.સ્ટે. નાં ઉપરોકત ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે. અને પ્રશસનીય કામગીરી કરેલ છે. હાલમા તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.